# ઉમરાવ હોસ્પિટલ : મીરા-ભાયંદર ખાતે વિશ્વકક્ષાની અને સસ્તી હેલ્થકેર લાવી રહી છે

- માનનીય શ્રી ગુલાબ નબી આઝાદ, હેલ્થ અને ફેમીલી વેલ્ફેરના કેન્દ્રીય પ્રધાન, ભારત સરકાર, એ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યુ
- મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી અશોકરાવ ચવાણે ઉમરાવ કોલેજ ઓફ નર્સીંગ એજયુકેશન એન્ડ અસ્મિતા કોલેજ ઓફ આર્કિટેક્ચરનનું ભૂમિપૂજન કર્યુ
- માનનીય શ્રી દિગ્વિજય સિંઘ, જનરલ સેક્રેટરી-એઆઈસીસી અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને ઉમરાવ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ ટ્રસ્ટના ચેરમેન,સૈયદ નાઝર હુસૈનના જીવન અને તેમની સિધ્ધી પર લખાયેલા પુસ્તક 'સૈયદ નાઝર હુસૈન-મેન વિથ અ મિશન'નું વિમોચન કર્યુ હતું

**મુંબઈ, ૧ નવેમ્બર, ૨૦૧૦ :** અસ્મિતા ગ્રુપની પહેલી ૩૩૦ ખાટલાની મલ્ટી-સ્પેશ્યાલીટી, ટર્શરી કેર ઉમરાવ હોસ્પિટલ જે મીરા-ભાયંદર વિસ્તારમાં આવેલી છે, તેનું ઉદ્‌ઘાટન હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેરના કેન્દ્રીય પ્રધાન શ્રી ગુલાબ નબી આઝાદના હસ્તે થયું હતું. પશ્ચિમના દૂર પરામાં અને બોરીવલી અને વાપી નજીકના શહેરમાં વસતા રહેવાસીઓને સારી સારવાર પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે આ હોસ્પિટલ ખોલવામાં આવી છે.

આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી અશોક ચવાણે ઉમરાવ કોલેજ ઓફ નર્સિંગ એજયુકેશન એન્ડ અસ્મિતા કોલેજ ઓફ આર્કીટેક્ચરનું ભૂમિપૂજન કર્યુ હતું. તે સાથે મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને એઆઈસીસીના સામાન્ય સચિવ શ્રી દિગ્વિજય સિંઘે ઉમરાવ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ ટ્રસ્ટના ચેરમેન,સૈયદ નાઝર હુસૈનના જીવન અને તેમની સિધ્ધી પર લખાયેલા પુસ્તક 'સૈયદ નાઝર હુસૈન-મેન વિથ અ મિશન'નું વિમોચન કર્યુ હતું.

ઉમરાવ હોસ્પિટલના સીઈઓ ડો.રાજેન્દ્ર શર્માએ કહયું કે,'ઉમરાવ હોસ્પિટલ ખાતે અમે કિંમતી પણોમાં મલ્ટીપલ સ્પેશ્યાલીટીસમાં ક્રિટીકલ કેર આપવા પર મુખ્યત્વે ધ્યાન આપીશું. પેશન્ટ-સેન્ટ્રીક કેર સપોર્ટ સાથે સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પણ પૂરૂ પાડીશું.'

ઉમરાવ હોસ્પિટલના ચેરમેન શ્રી મુઝફ્ફર હુસૈને કહયું કે,' 'મીરા-ભાયંદર વિસ્તારમાં હોસ્પિટલની જરૂરીયાત ઘણી છે. છેલ્લા કેટલાય વર્ષોમાં આ વિસ્તારની વસતિ અનેકગણી વધી છે. તેના પ્રમાણમાં સારી ટર્શરી કેર, મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલની અછત રહી છે. કેટલીય પેઢીથી લોકો તેમની હેલ્થકેર જરૂરીયાત સંતોષવા માટે ગ્રેટર મુબઈ સુધી પ્રવાસ ખેડવો પડે

છે. આ વિસ્તારમાં વસતા લોકોને સસ્તા દરે વૈશ્વીક કક્ષાની સ્ટેટ-ઓફ-ધ-આર્ટ મેડિકલ કેર પૂરી પાડવાનો હેતુ હોસ્પિટલનો છે.'

હોસ્પિટલની યોજનાના વિકાસ પર ભાર મૂકવાની સાથે તેમણે વધુમાં કહયું કે તેઓ પાસે કોલેજ ઓફ નર્સિંગ એન્ડ પેરામેડિકસ ખોલવા માટે તેમની પાસે બ્લ્યુ પ્રિન્ટ છે. અમે દિલહીમાં મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ સ્થાપી રહયા છીએ. અમે મુંબઈ અને દિલ્હી કોરીડોરમાં વધુ ૫-૬ હોસ્પિટલ વિસ્તરણની યોજના ધરાવીએ છીએ.

ઉમરાવ હોસ્પિટલ એ ઉમરાવ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ ટ્રસ્ટ (ટીયુઆઈએમએસએઆર)ની ઓફરીંગ છે. વર્ષ ૧૯૯૦માં સ્થપાયેલું ટ્રસ્ટ એવી પ્રવૃતિઓમાં સંકળાયેલું છે કે જેમાં સમાજના જીવનની ગુણવત્તા સુધારે છે. જયારે ઉમરાવ હોસ્પિટલ સમાજના સરેરાશ હેલ્થકેર ધોરણોને સુધારવા પ્રત્યે ધ્યાન આપશે. હોસ્પિટલ ટ્રોમા કેર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ, ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી એન્ડ કાર્ડિયાક સર્જરી, બોન એન્ડ જોઈન્ટ કેર, બ્રેઈન એન્ડ સ્પાઈન, કિડની ડિસીઝ એન્ડ એન્ડોયુરોલોજી, નેફ્રોલોજી એન્ડ યુરોલોજી અને ન્યુરોસેન્ટરમાં નિષ્ણાત રહેશે. 'પેશન્ટ-રેકોર્ડ ડિજીટાઈઝેશન', 'રીયલ-ટાઈમ વેવ મોનીટરીંગ ઓફ ટ્રીટમેન્ટ' અને 'આઈસીયુ ઓન વ્હીલ્સ' જેવી જોવા મળતી નવીન સેવાઓ પહેલીવાર જાહેર કરશે.

**ઉમરાવ હોસ્પિટલ વિશે**

ઉમરાવ હોસ્પિટલ અસ્મિતા ગ્રુપના ટર્શરી હેલથ-કેરમાં પ્રવેશની સાક્ષી પૂરે છે. ગ્રુપ ઈન્ફ્રાસ્ટ્રકચર અને શિક્ષણના ક્ષેત્રે પોતાની હાજરી ધરાવે છે. ઉમરાવ હોસ્પિટલ અસ્મિતા ગ્રુપનું લેટેટસ્ટ ઓફરીગ છે. સામાજીક જવાબદારીના અહેસાસ સાથે વિકાસ કરવાની વિચારધારાને અસ્મિતા ગ્રુપ છતી કરે છે.

ઉમરાવ હોસ્પિટલ એ આકાર પામી રહેલી ટર્શરી-કેર, મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ છે જે મીરારોડ અને તેની ફરતેના વિસ્તાર ખાતે વિકાસનું કામ કરશે.

હોસ્પિટલ પોતાની જાતને હેલ્થકેર ડેસ્ટીનેશન તરીકે સુસ્થાપિત કરશે કે જયાં દરદીઓ સારા વાતાવરણમાં સારવાર મેળવી શકશે. હોસ્પિટલ ૧ નવેમ્બર, ૨૦૧૦ના રોજ લોન્ચ કરવામાં આવશે. તે કનસ્લટીંગ, ડાયગ્નોસ્ટીક અને થેરપી સહિત ૩૬૦ ડીગ્રી વિન્ડો મારફત અગ્રણી મેડિકલ સ્પેશ્યાલીટી બની રહેશે. તેની સાથે હોસ્પિટલ સસ્તા દરે વિશ્વ-કક્ષાની હેલ્થકેર પૂરી પાડશે.

વધુ માહિતી માટે સંપર્ક

મોનિકા ખેમકા -૯૯૨૦૪૭૪૮૮૦
જુઈ જોગડાંડ - ૯૮૨૦૦૫૫૬૦૮